## વિવિધા

### (પહેલા પાનાનું ચાલુ)

સ્થાપના પામેલી દક્ષિણામૂર્તિ ભાવનગરના નેજા હેઠળ નૂતન બાલ શિક્ષણ સંઘની સ્થાપના થઈ હતી. હાલ આ સંઘની ૭૫મી જયંતી ઉજવાઈ રહી છે. ગીજુભાઈની વિચારધારાને વત્તે ઓછે અંશે અપનાવનાર રાજ્યની શાળાઓમાં આવા મહોત્સવો યોજાઈ રહ્યા છે. ૨૬ નવેમ્બર ૨૦૦૧થી મહારાષ્ટ્રના કોસવાડમાંથી વાપી, વલસાડ જેવા સાઉથ ગુજરાતના ગામો, અમદાવાદથી સૌરાષ્ટ્ર થઈ સણોસરાથી ભાવનગર ૨૨ ડિસેમ્બરે બાલ શિક્ષણ યાત્રા સંપન્ન થશે. પાંચેક હજાર બાળકો, વાલીઓ શિક્ષકો આ યાત્રામાં જોડાશે. સુરત ૩૦ નવેમ્બર બાદ હવે વડોદરા ૫, અમદાવાદ ૯, રાજકોટ ૧૫મી ડિસેમ્બરે પદયાત્રાનો પડાવ હશે. અમદાવાદમાં ૯-૧૦ ડિસે.એ આનંદ નિકેતન, શીલજ ડે બોર્ડિંગ સ્કૂલ તેમજ સી.એન. વિદ્યાલય યજમાન બન્યા હોઈ ત્યાં અવનવા કાર્યક્રમોનું આયોજન કરાયું છે આમ ગીજુભાઈની સ્વપ્ન સંસ્થાના અમૃત મહોત્સવ નિમિત્તે ફરી આ રાજ્યવ્યાપી બાલશિક્ષણ યાત્રા દ્વારા તેમની વિચારધારાને પુનઃ વેગવંતી બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સુરતની નાલંદા ગુરુકુળ વિદ્યાલય પણ ગીજુભાઈના આદર્શોને નજરમાં રાખી શિક્ષણ આપતી સંસ્થા છે.

ગીજુભાઈએ લગ્ન કરતા પહેલાં યુવક-યુવતીઓને લગ્ન જીવનના મહત્ત્વને સમાજવા અંગેના લેખોને પણ પુસ્તકોમાં સ્થાન આપતા લખ્યું છે કે પતિ પત્ની બાળકના જન્મને એક આકસ્મિક ઘટના માને છે, તેમજ દાંપત્યજીવન અને કારકિર્દીમાં આવી પડેલા વિઘ્નની જેમ જુએ છે પછી તેને કઈ રીતે સમયની રીતે ઠેકાણે પાડવું તે નક્કી કરે છે. બાળકનો જન્મ જ આવી ભૂમિકા વચ્ચે થયો હોય તો તે બાળકનો ઉછેર અને તેનું ભાવિ માનસ કેવું ઘડાશે? બાળકને જન્મ આપતા પહેલાં માતાપિતાએ તેમની જવાબદારીથી સજાગ રહેવાની શરૂઆત કરવી જોઈએ ઘરમાં જેમ પુખ્ત વયની મુખ્ય વ્યક્તિઓનું મહત્ત્વ, પસંદગી કે અભિવ્યક્તિની રીતે સ્થાન છે તેમ બાળકો પણ ઘરનાં માત્ર સમાન જ નહી વિશેષ દરજ્જો ધરાવતા સભ્યો છે. તમે જેમ તમારી વસ્તુઓ, ઘરેણા રાખવા અલગ ખાનું કે જગ્યા રાખો છો તેમ બાળકો પણ તેવી ઈચ્છા રાખે છે. તેથી તેમને કોડી, દડા કે અન્ય વસ્તુઓ રાખવાનું ખાનું ફાળવવું જોઈએ.

બાળક અને રસોઈ, બાળક અને તેમના નવરાશની પળોના હુન્નર, બાળ ઉછેર અને તેને માટે રખાતી આયાથી માંડી બાળકની હાજરીમાં વડીલોઓ ઘરમાં કેમ વર્તન કરવું તેની એવી તો સચોટ વાતો તેમણે તેમના આગવા વિચારોથી લખી છે. આપણને એમ થાય કે આજથી ૭૫-૮૫ વર્ષ પહેલાં તેઓ જે કહેતા હતા તે આજે પણ કેટલું સચોટ બંધ બેસે છે.

આજ બાળ મનોવિજ્ઞાનીઓ, મનોચિકિત્સકો જે માર્ગદર્શન આપે છે તેના કરતા વધુ સચોટ માર્ગદર્શન તેઓએ તે જમાનમાં વાલીઓને આપ્યા હતાં.

આજે વાલીઓને સંતાન ઉછેર બાબતના જે પ્રશ્નો સતાવે છે તે એ અરસામાં પણ પ્રવર્તતા જ હતા 'માતાપિતાના પ્રશ્નો' પુસ્તિકમાં આવા પ્રશ્નોત્તર છે. અત્યારે અખબારો અને સામિકોમાં જુદાજુદા માર્ગદર્શન અંગેની જે કોલમો આવે છે તેવા જ પ્રશ્નો માતાપિતા ગુજરાતભરમાંથી ગીજુભાઈને માર્ગદર્શન માટે પત્રો લખતા એ વખતે પણ અમુક પ્રશ્નોનો ઉત્તર આપતા ખેલદિલ ગીજુભાઈ કહેતા કે, 'તમે કોઈ બાળ માનસને સમજી શકે તેવા ડોકટર પાસે જાવ.'

૧૯૨૫ના અરસામાં પુછાતા પ્રશ્નોમાં ''મારી પુત્રી ગણિતમાં કાચી છે, તેને અમુક પદો યાદ રહેતા જ નથી શું કરવું ?'' ''મારો પુત્ર ચોરી કરવાની આદત ધરાવે છે. હું તેને નર્કમાં જવું પડશે તેવી ધમકી આપું છું તો પણ તેને અસર થતી નથી. તો માર્ગદર્શન આપશો.''

''અમારે બે પુત્રો છે પણ બંને વચ્ચે અદેખાઈ, ઝઘડા ચાલે છે મોટાને એમ છે કે તમે નાનાને જ લાંડ કરો છો. અમારે શું કરવું ?''

''હું આઝાદીની લડતમાં વ્યસ્ત રહું છું મારી પત્ની અભણ છે બાળકને ભણવામાં ધ્યાન આપી શકતા નથી. હું આઝાદીની લડતમાં ભાગ લેવાનું છોડી દઉં ?''

આવા તો ઉછેર અભ્યાસ, અભ્યાસનો બોજ જેવા વિષયોને સ્પર્શતા ૬૦ સવાલોના ઉત્તરની પુસ્તિકા તેમણે બહાર પાડી હતી.

બાળકોની ખાવાની વાનગીઓ, પોશાક, તેમની સ્કૂલ બેગ, જો શક્ય હોય તો અલગ રૂમ કેવો હોવો જોઈએ, બાળક વાપરતું હોય તે તમામ વાસણોની સાઈઝ, તેની આધ્યાત્મિક પ્રગતિ, શિસ્ત, તેની હાજરીમાં વડીલોના વર્તન અંગેની બારીક બારીક માર્ગદર્શિકાઓ તેમણે આપી છે.

મોન્ટેસરી પદ્ધતિ, દિવાસ્વપ્ન, આ તે શી માથાફોડ, મા બાપ થવું આકરૂં છે, કિશોરકથા (ભાગ ૧-૨), વાર્તાનું શાસ્ત્ર, રખડુ ટોપી, માતાપિતાને, માતા-પિતાના પ્રશ્નો, પ્રાથમિક શાળામાં ભાષા-શિક્ષા, શિક્ષક હો તો, બાલશિક્ષણ, જૈસા મૈં સમઝ પાયા, પ્રાથમિક શાળામાં શિક્ષણ પદ્ધતિ, પ્રાથમિક શાળામાં શિક્ષક, પ્રાથમિક શાળામાં હુન્નરો, કથાવાર્તાનું શાસ્ત્ર, ચલતે-ફીરતે તેમના ૧૦૦ પુસ્તકો પૈકીના મુખ્ય છે.

ગીજુભાઈ બાળકોને જે તે પશુ-પંખી કે રાજા જેવા પાત્રોની એકટીંગ અને ડાયલોગ બોલીને વાર્તા કહેતા ત સાંભળી નાના બાળકો તો હેરત સાથે સ્તબ્ધ થઈ જતાં તેમણે કહ્યું હતું કે સાતેક વર્ષની ઉંમર પછીના બાળકો માટે વાર્તાઓનો તોટો નથી પણ ૩થી સાત વર્ષના બાળકો માટે વાર્તાની ઉણપ તો છે જ પણ તેને કહેવાનો કસબ પણ વાલીઓ પાસે નથી. આથી તેમણે શિશુ કથાઓ લખી જે કહેવામાં પણ મઝા પડે.

ગીજુભાઈના પ્રદાન અંગે કોઈએ પી.એચ.ડી. કર્યું હોય તો ખબર નથી ! બાકી નવી પેઢી તો તેમનો પરિચય કેળવી તેમને અનુસરીએ તો પણ ઘણું...